Paper Code – 3961/4061

M.A. Sem – 3 Political Science (Old/New Course)

Mar-Jun - 2021

CC-301 : ગુજરાતનું રાજકારણ – ૧ (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. રાજ્ય રાજકારણનો અભ્યાસ બંધારણીય માળખામાં _____ તરીકે કરવામાં આવે છે.
(A) પ્રથા (B) ઉપપ્રથા (C) વિભાગ (D) રાજકીય ભાત (Pattern)

2. રાજ્ય રાજકારણનો અભ્યાસ અગત્યનો છે કારણકે.....
(A) નાગરીકો રાજ્ય સરકાર સાથે પ્રત્યક્ષ સંપર્ક ધરાવે છે. (B) નાગરીકો રાજ્ય સરકાર પાસે વધુ અપેક્ષા રાખે છે.
(C) રાજ્ય સરકાર સુધી નાગરીક સરળતાથી પહોંચી શકે છે. (D) ઉપરોક્ત ત્રણે

3. રાજ્ય સરકારને નાગરીકો માટે કેન્દ્રની સરખામણીએ _____ કાર્યો કરવાના હોય છે.
(A) વધુ (B) ઓછા (C) અગત્યના (D) સામાન્ય

4 કેન્દ્રસરકારની સફળતા રાજ્ય સરકારની _____ ઉપર આધારીત હોય છે.
(A) કાર્યક્ષમતા (B) સ્વતંત્રતા (C) સહકાર (D) ઉપરોક્ત ત્રણે

5. નીચેનામાંથી કયો વિષય રાજ્ય સરકારનો નથી ?
(A) કાયદો અને વ્યવસ્થા (B) આરોગ્ય (C) રેલ્વે (D) વાહનવ્યવહાર

6. ભારતનું બંધારણ _____.
(A) રાજ્ય સરકારને વધુ મહત્વ આપે છે (B) કેન્દ્રસરકારને વધુ મહત્વ આપે છે
(C) રાજ્ય સરકારને સ્વતંત્રતા આપે છે. (D) રાજ્ય અને કેન્દ્ર વચ્ચે સંતુલન જાળવે છે.

7. રાજ્ય રાજ્યકારણના અભ્યાસથી જાણી શકાય છે કે.....
(A) ભવિષ્યમાં કેન્દ્રમાં કેવા પરિવર્તનો આવશે. (B) કયા રાજ્યના નેતાઓ કેન્દ્રીય નેતૃત્વને પ્રભાવીત કરી શકે છે.
(C) કઈ કઈ બાબતોમાં રાજ્ય-સરકારો વચ્ચે સંકલન જરૂરી છે. (D) ઉપરોક્ત ત્રણે

8. આધુનીક અને પરંપરાગત ભાષાનું મિશ્રણ, પક્ષપ્રથા, જ્ઞાતીવાદ, જૂથબંધી એ બધા _____છે.
(A) રાજ્ય રાજ્યકારણ સામેના પડકારો છે. (B) રાજ્ય રાજ્યકારણના લક્ષણો છે.
(C) રાજ્ય વિકાસ સામેની સમસ્યાઓ છે. (D) ઉપરોક્ત ત્રણે છે.

9. નીચેનામાંથી કયું લક્ષણ ગુજરાત સહીત તમામ રાજયોના રાજકારણમાં જોવા મળે છે.
(A) જ્ઞાતીવાદ (B) દલીતરાજકરણ (C) વિચારધારનું રાજકારણ (D) ઉપરોક્ત ત્રણે

10. ગુજરાતનું લોકશાહી કરણ અન્ય રાજયોની સરખામણીએ વધુ સફળ રહ્યું છે કારણકે.....
(A) દ્વિ પક્ષપ્રથા છે. (B) સરકાર પ્રયત્નશીલ છે. (C) રાજકીય હરીફાઈ વધુ છે. (D) ઉપરોક્ત ત્રણે

11. ગુજરાતમાં શહેરીકરણ અને ઔધોગીકરણને કારણે_____ થયું છે.
(A) રાજકીય સંઘર્ષ વધ્યો છે (B) રાજકીય ભાગીદારી વધી છે. (C) શિક્ષણ વધ્યું છે. (D) ગુન્હાખોરી વધી છે.

12. નીચેનામાંથી કયું ગુજરાતનાં રાજકારણનું આગવું લક્ષણ છે ?
(A) ઉદ્યોગગૃહો અને ખેડૂતોનો રાજ્યના રાજકારણમાં સમાન પ્રભાવ (B) ઉદ્યોગગૃહોનો રાજ્ય રાજ્યકારણમાં પ્રભાવ
(C) ખેડૂતોનો રાજ્ય રાજકારણમાં વિશેષ પ્રભાવ. (ડ) ઉપરોક્ત ત્રણમાંથી કોઈ નહીં.

13. ગુજરાતનાં પક્ષપલ્ટાની ઘટનાઓ કયા સમયગાળામાં સૌથી વધુ બની ?
(A) 1960 થી 1975 (B) 1975 થી 1990 (C) 1991 થી 2005 (D) 2006 થી 2020

14 લોકોની સંસ્કૃતી, જીવનધોરણ, ધાર્મિક પરંપરાઓ વગેરે તે પ્રદેશની _____ થી પ્રભાવીત હોય છે.
(A) સામાજીકતા (B) ભૂગોળ (C) આર્થીક વિકાસ (D) ઉપરોક્ત ત્રણે

15 ગુજરાતની કુલ ખેતીલાયક જમીનમાંથી _____ ટકા જમીન સિંચાઈ ની સુવિધા ધરાવે છે.
(A) 25 % થી 30 % (B) 30 % થી 35 % (C) 35 % થી 40 % (D) 40 % થી 45 %

16 ભૌગોલીક દ્રષ્ટિએ ગુજરાતનાં વિસ્તારના _____ ભાગ પડે છે.
(A) 3 (B) 4 (C) 5 (D) 6

17 કયા વિસ્તારને ગુજરાતનો હાર્દ પ્રદેશ ગણવામાં આવે છે.
(A) ઉત્તર ગુજરાત (B) મધ્ય ગુજરાત (C) દક્ષિણ ગુજરાત (D) સૌરાષ્ટ્ર

18 કઈ જ્ઞાતીઓ પરંપરાગત રીતે આગળ પડતી જ્ઞાતીઓ ગુજરાતમાં હતી ?
(A) બ્રાહ્મણ- વણીક (B) દલીત-આદીવાસી (C) ઓબીસી-લધુમતી (D) ઉપરોક્ત માંથી કોઈ નહીં

19 આજના સમયે દ્વિ-જ્ઞાતીય પ્રભાવની રીતે ગુજરાતનાં રાજકારણ ઉપર પ્રભાવ પાડનારી મુખ્ય બે જ્ઞાતીઓ કઈ છે ?
(A) બ્રાહ્મણ- વણીક (B) પાટીદાર-ક્ષત્રીય (C) દલીત-આદીવાસી (D) ઉપરોક્ત ત્રણે

20 પાટીદાર અનામત આંદોલનના કારણે ગુજરાતનાં રાજકારણનો કયો પાયો વધુ અસરગ્રસ્ત થયો.
(A) સાંસ્કૃતીક પાયો (B) આર્થીક પાયો (C) સામાજીક પાયો (D) ઉપરોક્ત ત્રણે

21 છેલ્લા દસકામાં જ્ઞાતીવાદી જૂથો રાજકારણને પ્રભાવીત કરવા માટે _____ તરીકે વર્તતા હોય એવું અનુભવાયું છે.
(A) દાબજૂથો (B) મતદાર જૂથો (C) કાર્યકર્તા જૂથો (D) વિરોધી જૂથો

22 ગુજરાતની પ્રભાવક બે જ્ઞાતીઓ પાટીદાર અને ક્ષત્રીયોનો સંખ્યાકીય જનાધાર અનુક્રમે _____ % અને _____ % છે.
(A) 7 % & 14 % (B) 20 % & 40 % (C) 25 % & 35 % (D) 16 % & 36 %

23 સમાન્ય રીતે રાજકીય બાબતો રાજકીય પ્રક્રિયા, રાજકીય પ્રતીકો અને પ્રતિક્રિયાઓ તથા રાજકીય સંસ્થાઓ પ્રત્યેનાં સામાન્ય નાગરિકના વલણને _____ કહેવાય છે.
(A) રાજકીય જાગૃતિ (B) રાજકીય સમજ (C) રાજકીય સંસ્કૃતી (D) રાજકીય દ્રષ્ટિકોણ

24 ગુજરાતની રાજકીય સંસ્કૃતી _____ છે.
(A) વ્યવહારલક્ષી, શાંત પરિવર્તનને સ્વીકારનારી (B) ક્રાંતિકારી પરીવર્તન લાવનારી
(C) સ્થાપિત પરંપરાને વળગી રહેનારી (D) હિંસક પરિવર્તનને સ્વીકારનારી
25 ગાંધીજીની રાજકીય પ્રવૃતિનું કેન્દ્ર બન્યા પછી ગુજરાતમાં _____ ની પ્રક્રિયા જડપી બની.
(A) સાંસ્કૃતિકરણ (B) સંસ્થિકારણ (C) રાજકીય સમાજીકરણ (D) ઉપરોક્ત ત્રણે
26 નવનિર્માણ આંદોલનથી શરૂ થયેલા રાજકીય સંસ્કૃતિના પરિવર્તનને કારણે આજે પણ ગુજરાતમાં _____ અનુભવી શકાય છે.
(A) નીતિમતા તથા જાહેરજીવનના મૂલ્યોનું ધોવાણ (B) પક્ષીય વફાદારી તથા એકનિષ્ઠાનું ધોવાણ
(C) સામાજીક જવાબદારી અને સંતુલનના અભાવ (D) ઉપરોક્ત ત્રણે
27 ગુજરાતમાં આર્થીક રીતે "ગોલ્ડન કોરીડોર" તરીકે ઓળખાતો વિસ્તાર _____ છે.
(A) પાલનપુર થી વાપી (B) મહેસાણા થી વાપી (C) અમદાવાદ થી સુરત (D) ભુજ થી ભરુચ
28 ગુજરાતનો કયો ઉદ્યોગ સમગ્ર દેશમાં પ્રથમ છે ?
(A) ગૃહ ઉદ્યોગ (B) ખેતી ઉદ્યોગ (C) ડેરી ઉદ્યોગ (D) ચર્મ ઉદ્યોગ
29 ગુજરાતનાં રાજકારણીઓ ઉદ્યોગપતિઓના એજન્ટ તરીકે વર્તતા જોવા મળે છે એનાથી નક્કી થાયછે કે.....
(A) ગુજરાતનો આર્થીક પાયો રાજકીય પાયા કરતા વધુ મજબૂત છે. (B) ગુજરાતના ઉદ્યોગપતીઓ રાજકારણમાં પ્રવેશ્યા છે.
(C) ગુજરાતનાં ઉદ્યોગપતીઓએ રાજકારણને બગાડયું છે. (D) ઉપરોક્ત ત્રણે
30 ગુજરાતમાં નવનિર્માણ આંદોલનની શરૂઆત ક્યાથી થઈ હતી ?
(A) અમદાવાદ (B) રાજકોટ (C) મોરબી (D) વડોદરા
31 મહાગુજરાત આંદોલન નવનિર્માણ અને અનામત આંદોલન જેવી ઘટનાઓથી ગુજરાતની _____ માં પરીવર્તન આવ્યું.
(A) રાજકીય ઓળખ (B) સામાજીક ઓળખ (C) રાજકીય સંસ્કૃતિ (D) સામાજીકરણની પ્રક્રિયા
32 2015 ના પાટીદાર આંદોલનમાં _____ એ નવી બાબત હતી.
(A) જ્ઞાતીવાદી હીત અભિવ્યક્તિ (B) સામાજીક અસમાનતા (C) હિન્દુ જૂથમાં ભંગાણ (D) ઉપરોક્ત ત્રણે
33 ગોધરા અને અનુગોધરા તોફાનોએ ગુજરાતનાં રાજકારણ અને સમાજકારણમાં _____ કર્યું.
(A) વિઘટન (B) ધ્રુવિકરણ (C) જોડાણ (D) ઉપરોક્ત ત્રણે
34 એક રાજ્ય તરીકે ગુજરાતની લાગણી હંમેશા રહી છે કે આઝાદી પહેલા અને આઝાદી પછી પણ ગુજરાતને _____ થયો છે.
(A) લાભ (B) નુકસાન (C) અન્યાય (D) નફો
35 કેટલાક આપવાદોને બાદ કરતા ગુજરાતની સરકારોને કેન્દ્રસરકાર સાથે _____ સંબંધો રહ્યા છે
(A) સંઘર્ષમય (B) સુમેળભર્યા (C) ઉપરોક્ત બંને (D) ઉપરોક્ત માંથી કોઈ નહીં
36 પંચાયતી રાજ એ કઈ યાદીનો વિષય છે ?
(A) રાજ્ય યાદીનો (B) કેન્દ્ર યાદીનો (C) સંયુક્ત યાદીનો (D) શેષ સત્તાઓની યાદીનો
37 ગુજરાતમાં પંચાયતોની ચૂંટણી યોજવાનો નિર્ણય લેવાની સત્તા કોની છે ?
(A) રાજ્ય સરકાર (B) કેન્દ્રસરકાર (C) ચૂંટણીપંચ (D) અદાલત
38 1995 ના અધિનિયમ પ્રમાણે ગુજરાતમાં નગરપાલિકાના પ્રમુખ કેટલા સમય સુધી સત્તાસ્થાને રહી શકે છે?
(A) ત્રણ વર્ષ (B) પાંચ વર્ષ (C) અઢી વર્ષ (D) દોઢ વર્ષ
39 ગુજરાતમાં કુલ કેટલી મ્યુનિસિપલ કોર્પોરેશનો છે ?
(A) પાંચ (B) સાત (C) નવ (D) અગિયાર
40 મહાનગર પાલિકામાં (મ્યુનિસિપલ કોર્પોરેશનમા) નીચેનામાંથી કયા કયા ઘટકો હોય છે?
(A) પરીષદ (B) સમિતિઓ (C) મેયર (D) ઉપરોક્ત ત્રણે

નીચેના વિધાનોમાંથી જો તે સાચું હોયતો તેની સામે A લખો અને ખોટું હોયતો B લખો.
41 મેયર શહેરના પ્રથમ નાગરીક ગણાય છે.
42 પ્રમુખ નગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી છે.
43 મ્યુનિસિપલ કોર્પોરેશન શહેર માટે ફોજદારી કાયદા ઘડી શકે છે.
44 ચીફ ઓફિસર નગરપાલિકાની સભાનું અધ્યક્ષ સ્થાન સાંભળે છે.
45 રાષ્ટ્રીય કક્ષાએ આઝાદી પહેલા ગુજરાતનું પ્રદાન શ્રેષ્ઠ રહ્યું છે.
46 ગુજરાતમાં પ્રાદેશિક રાજકીય પક્ષો ઘણા સફળ થયા છે.
47 આર્થીક ક્ષેત્રે દેશભરમાં ગુજરાત અગ્રીમ ક્રમનું રાજ્ય ગણાય છે.
48 ગ્રામપંચાયતોની ચુંટણીમાં રાજકીય પક્ષો પોતાના ઉમેદવારની ઉમેદવારી કરાવે છે.
49 નગરપાલિકાના પ્રમુખ શિસ્તના પ્રશ્ને સભ્યને બહાર કાઢી કે સસ્પેન્ડ કરી શકતા નથી.
50 મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર પોલીસકાર્યવાહી માટે પોલીસને આદેશ આપી શકે છે.